For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અલકાપુરીના કાફેના સાઉથ ઇન્ડિયન ફૂડમાં માખી-જીવાત હોવાનો વીડિયો વાયરલ થતાં તંત્ર દોડતું થયું

# વાયરલ વીડિયોએ ખોલી 'ટ્રિનિટી કાફે'ની પોલ, ફૂડ સેફટી વિભાગે કાફે બંધ કરાવ્યું

**રસોડામાંથી** બગડેલા બટાકાનો જથ્થો મળ્યો; પાણી ટેસ્ટ, સ્ટાફ મેડિકલ અને પેસ્ટ કંટ્રોલ રિપોર્ટ વિના ફરી શરૂ નહીં થાય

(પ્રતિનિધિ) વડોદરા તા.10

શહેરના પોશ વિસ્તાર ગણાતા અલકાપુરી ખાતે આવેલું જાણીતું 'ટ્રિનિટી કાફે' ફૂડ સેફ્ટી વિભાગની કાર્યવાહીનો ભોગ બન્યું છે. સોશિયલ મીડિયા પર કાફેના ખોરાકની ગુણવત્તાને લઈને એક વીડિયો ભારે વાયરલ થયા બાદ હરકતમાં આવેલા ફૂડ સેફ્ટી વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ તપાસ હાથ ધરી કાફેને સંપૂર્ણપણે બંધ કરાવી દીધું છે.

મળતી માહિતી મુજબ, ટ્રિનિટી કાફેમાં પીરસવામાં આવતા સાઉથ ઈન્ડિયન ફૂડમાં માખી અને જીવાત હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ બાબતે મળેલી ગંભીર ફરિયાદને પગલે ફૂડ સેફ્ટી અધિકારીઓની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન કાફેના રસોડામાંથી મોટી માત્રામાં બગડેલા બટાકા મળી આવ્યા હતા, જે આરોગ્ય માટે અત્યંત હાનિકારક હોઈ અધિકારીઓએ સ્થળ પર જ તેનો નાશ કરાવી ફેંકાવી દીધા હતા. આ ઉપરાંત, કાફેમાં વપરાતા બન (Bun) ની ગુણવત્તા સામે પણ સવાલો ઊભા થતાં તે અંગે સંચાલકોને જરૂરી આકરા નિર્દેશો આપવામાં આવ્યા હતા.

ખાદ્યપદાર્થોમાં ગંભીર બેદરકારી સામે આવતા ફૂડ સેફ્ટી વિભાગે આકરાં પગલાં ભર્યા છે. હાલ પૂરતું આ કાફેને સંપૂર્ણપણે બંધ કરાવી દેવામાં આવ્યું છે અને સંચાલકોને નિયમોના પાલન અંગે કારણ દર્શક નોટિસ પાઠવવામાં આવી છે.

અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી કાફેના સંચાલકો પાણીનો વોટર ટેસ્ટિંગ રિપોર્ટ, રસોડાના સ્ટાફનું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અને પેસ્ટ કંટ્રોલ કરાવ્યાનું સર્ટિફિકેટ સક્ષમ અધિકારી સમક્ષ રજૂ નહીં કરે અને નિયમોના પાલન અંગેની લેખિત બાંહેધરી નહીં આપે, ત્યાં સુધી કાફેને ફરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ કાર્યવાહીથી શહેરના અન્ય કાફે અને રેસ્ટોરન્ટ સંચાલકોમાં પણ ફાળ પડી છે.





અલકાપુરીના જાણીતા ટ્રિનિટી કાફેમાં સાઉથ ઇન્ડિયન ફૂડમાં માખી-જીવાત હોવાનો વીડિયો વાયરલ થયા બાદ અધિકારીઓએ સ્થળ તપાસ કરી હતી. તપાસ દરમિયાન રસોડામાંથી બગડેલા બટાકાનો જથ્થો મળી આવતા તેનો નાશ કરાયો હતો. બનની ગુણવત્તા અંગે પણ સવાલો ઊભા થયા હતા. નિયમોના પાલન અંગે કારણદર્શક નોટિસ પાઠવી કાફેને હાલ પૂરતું બંધ કરાયું છે. પાણીનો ટેસ્ટિંગ રિપોર્ટ, સ્ટાફનું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અને પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ રજૂ કર્યા બાદ જ કાફે ફરી શરૂ કરવાની મંજૂરી મળશે.

ગ્રાહકે વીડિયો શૂટ કરી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો

# છાણીમાં 'જય સ્વામિનારાયણ ભોજનાલય'ના બિલાડીએ લોટમાં મોઢું માર્યું : રેસ્ટોરન્સ સીલ

**આરોગ્ય** અને સ્વચ્છતાના નિયમોના ધજાગરા ઉડતા લોકોમાં રોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.10

સંસ્કારી નગરી વડોદરાના છાણી વિસ્તારમાં આવેલી જાણીતી 'જય સ્વામિનારાયણ કાઠિયાવાડી ભોજનાલય'માં લોકોના આરોગ્ય સાથે ગંભીર ખિલવાડ થતો હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રેસ્ટોરન્ટના રસોડામાં લોટ બાંધવા માટે વપરાતા મશીનમાં બિલાડી મોઢું મારી રહી હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ખાદ્યપ્રેમીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, રાત્રિના સમયે ભોજનાલયમાં જમવા પહોંચેલા એક ગ્રાહકની નજર રસોડામાં મુકેલા લોટ બાંધવાના મશીન પર પડી હતી. આ મશીનમાં બિલાડી મોઢું મારી રહી હતી. ગ્રાહકે તાત્કાલિક આ સમગ્ર ઘટના પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી અને સંચાલકોની ઘોર બેદરકારી છતી કરવા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો.

સામાન્ય રીતે હોટલ અને રેસ્ટોરેન્ટ્સમાં મોટા પ્રમાણમાં રોટલી કે ભાખરીનો લોટ બાંધવા માટે આ પ્રકારના મશીનોનો ઉપયોગ થાય છે. અસ્વચ્છ વાતાવરણમાં બિલાડી જેવા પ્રાણીઓ મશીનમાં મોઢું મારતા હોય અને તે જ લોટમાંથી બનાવેલું ભોજન ગ્રાહકોને પીરસવામાં આવતું હોય તો લોકોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થાય છે. આ ઘટનાએ રેસ્ટોરન્ટ્સમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોના પાલન સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ખડા કર્યા છે. તંત્ર દ્વારા કરવામાં આવતી સરપ્રાઈઝ ચેકિંગ માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે કે કેમ, તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે.

ગુજરાત જનતા જાગૃતિ મંચે DDOને આવેદનપત્ર આપી ૧૦ દિવસનું અલ્ટિમેટમ આપ્યું

# વડોદરા જિ.પં.ના આઉટસોર્સ કર્મીઓના 'લીવ ઓન કેશ'ના નાણાં મુદ્દે હોબાળો

**33 મહિના** પૈકી માત્ર ૮ મહિનાના જ નાણાં ચૂકવાયા હોવાનો ગંભીર આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૦

વડોદરા જિલ્લા પંચાયત કચેરીમાં સેવા આપતા આઉટસોર્સ કર્મચારીઓના પ્રશ્નો દિવસેને દિવસે ઉગ્ર બની રહ્યા છે. તાજેતરમાં કર્મચારીઓના 'લીવ ઓન કેશ' ની ચુકવણીમાં મોટાપાયે અનિયમિતતા થઈ હોવાનો ચોંકાવનારો વિવાદ સામે આવ્યો છે. આ ગંભીર મુદ્દે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા આજે વડોદરા જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવીને ત્વરિત ન્યાયની માંગ કરવામાં આવી છે.

મંચ દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, નવેમ્બર-૨૦૨૩ થી આજદિન સુધીના કુલ ૩૩ મહિનાના 'લીવ ઓન કેશ'ના નાણાં કર્મચારીઓને મળવાપાત્ર હતા. પરંતુ તેમાંથી અત્યાર સુધી માત્ર ૮ મહિનાના જ નાણાં કર્મચારીઓના ખાતામાં જમા કરવામાં આવ્યા છે. બાકીના મહિનાઓની મસમોટી રકમ ક્યાં ગઈ? તે એક મોટો સવાલ બન્યો છે.

આ સમગ્ર કૌભાંડ પાછળ કોન્ટ્રાક્ટ પ્રથા અને એજન્સીઓની મનમાની જવાબદાર હોવાનો સુર ઉઠ્યો છે. ગુજરાત જનતા જાગૃતિ મંચે માંગ કરી છે કે, બાકી રહેલા તમામ 'લીવ ઓન કેશ'ના નાણાં સંબંધિત એજન્સી પાસેથી વસૂલ કરીને તાત્કાલિક ધોરણે પીડિત કર્મચારીઓને ચૂકવવામાં આવે. આ સાથે જ, ટેન્ડરની શરતોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરનાર એજન્સી અને આ સમગ્ર પ્રકરણમાં આંખ આડા કાન કરનાર જવાબદાર અધિકારીઓ સામે પણ કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની કડક માંગ કરાઈ છે.

કર્મચારીઓના હિત સાથે થઈ રહેલા કથિત અન્યાયને લઈને મંચ દ્વારા તંત્રને ચીમકી આપવામાં આવી છે. આગામી ૧૦ દિવસની અંદર જો આ મામલે સંતોષકારક અને હકારાત્મક પગલાં ભરવામાં નહીં આવે, તો મજબૂર બનીને કર્મચારીઓ અને મંચ દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે સત્યાગ્રહ અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## ગુજસીટોક આરોપી હિતેશ જયસ્વાલના જામીન ફગાવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા ગ્રામ્ય સહિત અમદાવાદ, સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં સંગઠિત ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવવાના આરોપસર ગુજસીટોક હેઠળ પકડાયેલા હીતેશ ઉર્ફે પપ્પુ રજનીકાન્ત જયસ્વાલની જામીન અરજી સ્પેશિયલ ગુજસીટોક કોર્ટે નામંજૂર કરી છે.

સરકાર તરફથી સ્પેશિયલ પી.પી. રઘુવીર પંડ્યાએ દલીલ કરી હતી કે આરોપી સહિતની ટોળકી સામે હત્યા, હુમલો, રાયોટિંગ, સરકારી ફરજમાં રૂકાવટ, ખોટા દસ્તાવેજો, આર્થિક ગુનાઓ, દારૂની હેરાફેરી અને જુગાર સહિતના ગુના નોંધાયા છે. તપાસમાં આરોપી પાસે રૂ.75.03 કરોડની મિલકતો મળી હોવાનો તથા IT રિટર્નમાં દર્શાવેલી આવક અને મિલકતો વચ્ચે વિસંગતતા હોવાનો દાવો કરાયો હતો. આરોપી તરફથી એડવોકેટ આર.એ. સિંગે જામીનની માંગ કરી હતી. જોકે, આરોપીની ગુનામાં સક્રિય ભૂમિકા અને અગાઉની પોલીસ હુમલાની FIR સહિતની હકીકતો ધ્યાને લઈ કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી.

# ગ્રામસેવકોમાં રોષ, હવે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

**સાત** દિવસનું અલ્ટિમેટમ પૂર્ણ છતાં સરકાર સાથે સંવાદ નહીં થતાં મહામંડળનો નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

ગુજરાત રાજ્યમાં ગ્રામસેવક કેડરની વિવિધ સમસ્યાઓ, અન્ય કેડરના જોબ ચાર્ટની કામગીરીનું દબાણ અને લાંબા સમયથી પડતર માંગણીઓનો ઉકેલ નહીં આવતા ગ્રામસેવકોમાં રોષ ફેલાયો છે. ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ દ્વારા સરકારને અપાયેલું સાત દિવસનું અલ્ટિમેટમ પૂર્ણ થયું હોવા છતાં સંબંધિત વિભાગ દ્વારા કોઈ સંવાદ ન સાધાતા હવે ગાંધીચિંધ્યા માર્ગે લોકશાહી ઢબે આંદોલનાત્મક કાર્યક્રમો આપવાનો નિર્ણય લેવાયો છે.

મહામંડળના જણાવ્યા મુજબ, રેવન્યુ તલાટી, પંચાયત તલાટી-કમ-મંત્રી અને ખેતી મદદનીશના જોબ ચાર્ટની કામગીરી ગ્રામસેવકો પાસે કરાઈ છે. જીસીએસ એપ્લિકેશન, ફાર્મર રજીસ્ટ્રી, ડિજિટલ ક્રોપ સર્વે અને કુદરતી આપત્તિ રાહત કામગીરીનું વધતું દબાણ દૂર કરવાની માંગ છે. આ ઉપરાંત ગ્રામસેવક કેડરને ખેતી મદદનીશ કેડર સાથે મર્જ કરી કૃષિ વિભાગમાં સમાવવા, સ્માર્ટફોન-કમ્પ્યુટર તથા ઈન્ટરનેટ સુવિધા અથવા ભથ્થું આપવા માંગ કરાઈ છે. પ્રતિનિયુક્તિ પરના કર્મચારીઓ પર 12થી15 ગામનો ભારણ અને પગાર વિલંબની સમસ્યાનો કાયમી ઉકેલ તેમજ રજૂઆતોનો લેખિત જવાબ આપવા પણ મહામંડળે માંગ કરી છે.

**આગામી કાર્યક્રમો**

**૧૪/૦૮/૨૦૨૬ :** તમામ સરકારી વોટ્સએપ ગ્રૂપમાંથી લેફ્ટ થવું
**૨૧/૦૯/૨૦૨૬ :** તમામ ઓનલાઇન કામગીરીનો બહિષ્કાર
**૨૫/૦૯/૨૦૨૬ :** પેન ડાઉન (કામકાજથી અળગા રહેવું)
**૦૧/૧૦/૨૦૨૬ :** તમામ કર્મચારીઓ દ્વારા માસ સી.એલ.
**૦૨/૧૦/૨૦૨૬ :** અચોક્કસ મુદતની હડતાળ

વોર્ડ-૨માં પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો; સ્થાનિકોમાં ભારે રોષ

# પાલિકાની ટીમે પાણી ભરેલા રોડ પર ડામર-કપચી નાખી ખાડા પૂરાયા!

**સ્થાયી** સમિતિ અધ્યક્ષના વોર્ડમાં જ તકલાદી કામગીરીના આક્ષેપ, ટેક્સના નાણાંના વેડફાટનો આરોપ



(પ્રતિનિધિ) વડોદરા તા.10

સંસ્કારી નગરી વડોદરામાં મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને રોડ મરામતની ગુણવત્તા સામે ફરી સવાલો ઊભા થયા છે. વોર્ડ નંબર-2માં પાણી ભરાયેલા રસ્તા પર જ ડામર અને કપચી નાખીને ખાડા પૂરવાની કામગીરીના દૃશ્યો સામે આવતા સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે.

સ્થાનિક વિસ્તારમાં રસ્તા પર પાણી ભરાયેલું હોવા છતાં પાલિકાના કર્મચારીઓ દ્વારા તેના પર ડામર-કપચી પાથરી રોડ રિપેરિંગ કરાતું હોવાનું સામે આવ્યું છે. સામાન્ય રીતે પાણી ભરેલા રસ્તા પર ડામર યોગ્ય રીતે ચોંટતો ન હોવાથી ટકાઉ મરામત થતી નથી. તેમ છતાં આવી કામગીરી થતાં લોકો દ્વારા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે માત્ર કામગીરી પૂર્ણ બતાવવા માટે તકલાદી રીતે કામ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીનો વીડિયો અને દૃશ્યો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયામાં પણ પાલિકાની કાર્યપદ્ધતિ અંગે ચર્ચા શરૂ થઈ છે.

ચોંકાવનારી બાબત એ છે કે આ કામગીરી સ્થાયી સમિતિના અધ્યક્ષના પોતાના વોર્ડમાં જ થઈ રહી હોવાના આક્ષેપો થયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પ્રજાના ટેક્સના નાણાંનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ, પરંતુ નબળી ગુણવત્તાની કામગીરીથી તેનો વ્યય થઈ રહ્યો છે.

સ્થાનિકોએ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે તપાસની માગ કરી છે. પાણી વચ્ચે કરાયેલી મરામત પ્રથમ વરસાદ બાદ ફરી ધોવાઈ જવાની શક્યતા વ્યક્ત કરી રોડની ગુણવત્તાની તટસ્થ તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે. **સાથે જ સમગ્ર કામગીરીના માપદંડો અને વપરાયેલી સામગ્રીની ગુણવત્તાની તપાસ કરવા પણ માગ ઉઠી છે.

# એસટી કો-ઓપ. ક્રેડિટ સોસાયટીની ચૂંટણી, ૧૪૭૦ સભાસદો નોંધાયા

**૯ ડિરેક્ટર** પદ માટે યોજાઈ ચૂંટણી, ૧૧ સપ્ટેમ્બરે પરિણામ જાહેર કરાશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.10

ધી સ્ટેટ ટ્રાન્સપોર્ટ એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ ક્રેડિટ એન્ડ થ્રિફ્ટ સોસાયટી લિ., વડોદરા ડેપો યુનિટની સામાન્ય ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું. નવ ડિરેક્ટ પદ માટે યોજાયેલી ચૂંટણીમાં 1470 સભાસદો નોંધાયા હતા.

એસટી કર્મચારી યુનિયન વડોદરા અને એસટી ભારતીય મજદૂર સંઘના સંયુક્ત ઉપક્રમે દર પાંચ વર્ષે યોજાતી આ ચૂંટણીમાં પ્રમુખ, મંત્રી, કાર્યકારી પ્રમુખ, સહ-મંત્રી સહિત કુલ 9 ડિરેક્ટર પદો માટે મતદાન યોજાયું હતું. એસટી વિભાગીય કચેરી ખાતે સવારથી શરૂ થયેલું મતદાન સાંજે 5 વાગ્યા સુધી ચાલ્યું હતું. સોસાયટીમાં કુલ 1470 સભાસદો નોંધાયેલા છે. વડોદરા વિભાગના 8 ડેપો અને 1 સેન્ટ્રલ વર્કશોપના ટ્રાફિક વિભાગના ડ્રાઈવર, કંડક્ટર, વર્કશોપના હેલ્પર, હેડ મિકેનિક, વહીવટી વિભાગ અને ટીસી સ્ટાફ સહિતના તમામ કેડરના કર્મચારીઓએ ઉત્સાહભેર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગુજરાત એસટી મજદૂર મહાસંઘના ઉપપ્રમુખ પ્રેમપ્રકાશ દવેએ જણાવ્યું હતું કે, ચૂંટણી શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ છે. આવતીકાલે મતગણતરી હાથ ધરાયા બાદ નવા 9 ડિરેક્ટરોના નામ જાહેર કરવામાં આવશે.

ખોટા વાઉચર અને ટ્રાવેલિંગ બિલથી પણ રકમ ઉપાડી

# સાવલીની મીના સર્કિટ કંપનીના એકાઉન્ટન્ટ દ્વારા જ ૯૫.૬૫ લાખ રૂપિયાની ઉચાપત

**કંપનીના** બેન્ક ખાતામાંથી પોતાના-પત્ની સહિત ૧૦થી વધુ ખાતામાં નાણાં ટ્રાન્સફર કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.10

સાવલી તાલુકાના વડદલા ગામે આવેલી મીના સર્કિટ પ્રા.લિ. કંપનીમાં એકાઉન્ટ્સ વિભાગમાં ફરજ બજાવી ચૂકેલા અલ્પેશકુમાર ચંદ્રકાન્ત પટેલ સામે કંપનીના નાણાંની રૂ.95.65 લાખની ઉચાપત કર્યાની ફરિયાદ નોંધાઈ છે. સી.એ.ના ઓડિટમાં ગેરરીતિ સામે આવતા તપાસ શરૂ કરાઈ તો કંપનીના ખાતામાંથી પોતાના, પત્ની સહિત અન્ય ખાતામાં લાખો રૂપિયા ટ્રાન્સફર કર્યાની વિગતો સામે આવી હતી. સાવલી પોલીસે આ સમગ્ર કૌભાંડની કાર્યવાહી શરૂ કરી છે.

વડદલા ગામે આવેલી મીના સર્કિટ પ્રા.લિ. કંપનીના મેનેજર યોગેન્દ્રસિંહ વિજયસિંહ ચાવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ અલ્પેશકુમાર વર્ષોથી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર (એકાઉન્ટ્સ) તરીકે ફરજ બજાવતા હતા અને કંપનીની પાર્ટીઓને પેમેન્ટ કરવા તેમજ હિસાબ-કિતાબ સંભાળવાની જવાબદારી તેમની પાસે હતી. તા.25 જૂન 2026ના રોજ કંપનીમાંથી છૂટા થયા બાદ તેમના દ્વારા કરવામાં આવેલા હિસાબોની તપાસ શરૂ કરાઈ હતી. ફાઈનાન્સ કંટ્રોલર અને ત્યારબાદ કંપનીના સી.એ. દ્વારા બેન્ક ખાતાઓની તપાસ કરતાં કથિત ગેરરીતિ બહાર આવી હતી.

આક્ષેપ છે કે તા.28 ડિસેમ્બર 2024થી તા.25 જૂન 2026 દરમિયાન કંપનીના યસ બેન્ક અને એચડીએફસી બેન્કના ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરી પોતાના, પત્ની બીના પટેલ તેમજ અન્ય વ્યક્તિઓ અને સંસ્થાના ખાતામાં કુલ રૂ.89.17 લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ટ્રાવેલિંગ એક્સ્પેન્સના નામે રૂ.1.54 લાખ તથા ખોટા વાઉચરો બનાવી રૂ.7.43 લાખની રકમ ઉપાડી હોવાનો પણ આક્ષેપ છે. આમ એકાઉન્ટ દ્વારા રૂ.98.15 લાખની કથિત ગેરરીતિ કરાઈ હોવાની સામે આવી હતી. તેમાંથી રૂ.2.50 લાખ કંપનીના યસ બેન્ક ખાતામાં પરત જમા કરાવવામાં આવ્યા હતા. જેથી કંપનીને રૂ.95.65 લાખની ઉચાપતથી ઘણું મોટું નુકસાન થયું છે. કંપનીના સી.એ.એ તા.4 સપ્ટેમ્બરે બેન્ક ખાતાઓની તપાસ કરી રિપોર્ટ સોંપ્યા બાદ સમગ્ર કૌભાંડનો પર્દાફાસ થયો છે પોલીસે બેન્ક સ્ટેટમેન્ટ, ટ્રાન્ઝેક્શનની વિગતો, સી.એ. રિપોર્ટ અને અન્ય દસ્તાવેજોના આધારે તપાસ શરૂ કરી છે.

વડોદરા બુલેટ ટ્રેન સ્ટેશન: વિદ્યાર્થીઓ અને યુવા વ્યાવસાયિકો માટે ગતિશીલતાનું નવું દ્વાર

# પ્લેટફોર્મ નંબર ૭ ઉપર બનશે બુલેટ ટ્રેન સ્ટેશન

**MSU** સહિત શૈક્ષણિક હબને મળશે હાઈ-સ્પીડ કનેક્ટિવિટી, અમદાવાદ-સુરત-મુંબઈ સુધીની સફર બનશે ઝડપી અને સુગમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વિદ્યાર્થીઓ, યુવા વ્યાવસાયિકો અને નવી તકોનું શહેર ગણાતા વડોદરાને હવે બુલેટ ટ્રેનની ગતિનો લાભ મળવા જઈ રહ્યો છે. મજબૂત શૈક્ષણિક માળખા અને વિકસતી આર્થિક તકો ધરાવતા આ શહેરના યુવાનોને પ્રાદેશિક સ્તરે ઉપલબ્ધ તકો સુધી ઝડપી અને સુગમ પહોંચ માટે બુલેટ ટ્રેન નવું માધ્યમ બની રહેશે.

વડોદરા શહેરમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, ગતિ શક્તિ યુનિવર્સિટી , ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી જેવી અગ્રણી સંસ્થાઓ ઉપરાંત નવરચના જેવી ખાનગી યુનિવર્સિટીઓ પણ શહેરની શૈક્ષણિક ઓળખને વધુ મજબૂત બનાવે છે. એન્જિનિયરિંગ, ઉત્પાદન, ફાર્માસ્યુટિકલ્સ અને કેમિકલ્સ જેવા ક્ષેત્રોમાં મજબૂત ઔદ્યોગિક આધારને કારણે શહેરમાં શિક્ષણથી રોજગાર સુધીની ઈકોસિસ્ટમ વિકસી છે. હજારો વિદ્યાર્થીઓ માટે ગતિશીલતા સીધી રીતે તક સાથે જોડાયેલી છે. પછી તે ઉચ્ચ શિક્ષણ, ઈન્ટર્નશિપ, પરીક્ષા, રોજગાર કે પરિવાર સાથે જોડાયેલા રહેવા ઘરે પરત ફરવાની મુસાફરી હોય. વડોદરા બુલેટ ટ્રેન સ્ટેશન હાલના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 7 ની ઉપર બનાવવામાં આવી રહ્યું છે, જેથી બુલેટ ટ્રેન અને ભારતીય રેલવે વચ્ચે સુગમ અવરજવર શક્ય બને. આ સ્ટેશનનું સ્થાન પશ્ચિમ રેલવે સ્ટેશન અને સિટી તેમજ ઈન્ટરસ્ટેટ બસ ડેપો સાથે ઉત્તમ એકીકરણ સુનિશ્ચિત કરે છે. મુસાફરોની સુવિધા માટે સ્ટેશન પર આરામદાયક વેઈટિંગ લાઉન્જ, શૌચાલય, રિટેલ સુવિધા, પિક-અપ અને ડ્રોપ-ઓફ વિસ્તાર, કાર-બસ-ઓટો માટે અલગ પાર્કિંગ, આધુનિક સ્ટેશન પ્લાઝા, લેન્ડસ્કેપિંગ અને વે-ફાઈન્ડિંગ વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.




## વડની ઓળખથી પ્રેરિત ડિઝાઇન

સ્ટેશનની સ્થાપત્ય રચના વડના વૃક્ષથી પ્રેરિત છે. જે વડોદરાની વડ વૃક્ષ સાથેની ઐતિહાસિક ઓળખને પ્રતિબિંબિત કરે છે. પેસેન્જર વિસ્તારમાં પૂરતો કુદરતી પ્રકાશ રહે અને બહારના આકાશનું દૃશ્ય જોવા મળે તેવી ડિઝાઇન કરાઈ છે, જેથી અંદર ખુલ્લું, પ્રકાશમય અને આરામદાયક વાતાવરણ ઉભું થશે. આમ, વડોદરા બુલેટ ટ્રેન સ્ટેશન માત્ર પરિવહન સુવિધા નહીં, પરંતુ યુવાનોની ગતિશીલતા અને તકોને સક્ષમ બનાવતું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે.

**વિવિધ માધ્યમોને જોડવા માટે ત્રણ ફૂટ ઓવર બ્રિજ બનાવાશે**

**FOB-1:** 534 મીટર લાંબો, જે બુલેટ ટ્રેન સ્ટેશનને વડોદરા રેલવે સ્ટેશન અને GSRTC સેન્ટ્રલ બસ ડેપો સાથે જોડશે, તેમાં ટ્રાવેલેટરની સુવિધા હશે.

**FOB-2:** 90 મીટર લાંબો, જે રેલવે ટ્રેક ઉપરથી પસાર થઈ સ્ટેશનને અલકાપુરી વિસ્તાર સાથે જોડશે.

**FOB-3:** 51 મીટર લાંબો, જે પાર્કિંગ અને સ્ટેશન પ્લાઝા સાથે કનેક્ટિવિટી પૂરી પાડશે, જેમાં લિફ્ટ અને એસ્કેલેટર હશે.

વડોદરામાં સ્વચ્છતા અભિયાનના ધજાગરા

# એકતા નગર સહિતના વિસ્તારોમાં 'ડોર ટુ ડોર' ગાડી હોવા છતાં રસ્તા પર ગંદકી

**રેલવે** સ્ટેશનના પ્રવેશ દ્વારો અને સન ફાર્મા રોડ પર કચરાના સામ્રાજ્ય વચ્ચે સફાઈ કરાવવાને બદલે દંડાત્મક પગલાં ભરવાની માગ



(પ્રતિનિધિ) વડોદરા તા.10

શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અને સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે, પરંતુ નાગરિકોની બેદરકારીથી ગણતરીના કલાકોમાં જ જાહેર સ્થળો ફરી ગંદા બની રહ્યા છે. છાણી જકાતનાકા નજીક એકતા નગરમાં તાજેતરમાં વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. સફાઈ કામદારોએ કચરો હટાવી વિસ્તાર સ્વચ્છ કર્યા બાદ થોડા જ કલાકોમાં ફરી ખુલ્લામાં કચરો ફેંકવામાં આવ્યો હતો.

મનપાની ડોર-ટુ-ડોર કચરાગાડીની સુવિધા હોવા છતાં લોકો રસ્તા પર કચરો ફેંકતા સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. મહિલાઓએ જણાવ્યું કે સફાઈ કામદારો નિષ્ઠાથી ફરજ બજાવે છે, પરંતુ નાગરિકોની બેદરકારીથી તેમની મહેનત વ્યર્થ જાય છે અને જાહેર આરોગ્ય સામે જોખમ ઊભું થાય છે.

રેલવે સ્ટેશનના સયાજીગંજ અને અલકાપુરી પ્રવેશદ્વાર, સન ફાર્મા રોડની હીરા પાર્વતી સોસાયટી તેમજ વર્ડ ગાર્ડન નજીક પણ કચરાના ઢગલા જોવા મળે છે. કેટલીક જગ્યાએ દેશી દારૂની પોટલીઓ મળતાં સલામતીનો પ્રશ્ન પણ સર્જાયો છે. સ્થાનિકોએ CCTVથી નજર રાખી કચરો ફેંકનાર સામે કડક દંડની માંગ કરી છે.